eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 106
June 15, 2007

## રીપેર્સ અને રીહેબીલીટેશન કામગીરી બાદ જવાહરલાલ નહેરૂ પુલ ખુલ્લો મુકવામાં આવ્યો.



સુરત શહેરના તાપી નદી પર ચોક બજાર થી અડાજણ વિસ્તારને જોડતો જવાહરલાલ નહેરૂ બ્રીજ અને ૧૯૬૬માં બાંધવામાં આવેલ જે બ્રીજની લંબાઈ ૬૧૦.૦૦ મીટર (બંને તરફના એપ્રોચ સહિત) પહોળાઈ ૮.૩૦ મીટર (બે લેન) અને ૧.૫૦ મીટર ફુટપાથ (બંને બાજુ) સહિત કોન્ક્રીટ કેસન ફાઉન્ડેશન, સી.સી. અને કેસડ પીયર (૧૨ નંગ), સુપર સ્ટ્રકચર આર.સી.સી. પ્રિસ્ટ્રેડ આઈ (ય) ગર્ડર, ડેક સ્લેબ અને આર.સી.સી. પેરાપેટ અને ફુટપાથ ડકટની જોગવાઈ સહ વિવિધ અગત્યની રીપેર્સ અને રીહેબીલીટેશન કામગીરી સાડા છ માસમાં અંદાજીત રૂા.ર.૭૫ કરોડના ખર્ચે પૂર્ણ કરી..

વધુ માટે કલીક કરો >>>>>>

## મચ્છર જન્ય પરિસ્થિતિની રોકથામ માટે "નિર્મળગુજરાત–નિર્મળ સુરત "કાર્યક્રમ હેઠળ "મેલેરિયા– ડેંગ્યુ– ચિકનગુનિયા" માસ અભિયાન અંતર્ગત રાખવામાં આવેલ રેલી

સુરત મહાનગર સેવાસદનના સા.વે.ઝોન(અઠવા) હેઠળના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા પ્રિ–મોન્સુન કામગીરીના ભાગરૂપે ખાતાકીય કામગીરી કરાવવામાં આવે છે. સદર કામગીરી ગીયર અપ થાય અને જનજાગૃતિ કેળવાય તે હેતુ ને ધ્યાને લઈને મા.ડે.મેયરશ્રી સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈના નેજા હેઠળ સા.વે. ઝોન(અઠવા)ના ડે.કમિશ્નર (સ્પે) શ્રીપ્રદિપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ ઝોનલ અધિકારીશ્રી કે.એસ. દેસાઈની સુચના મુજબ .....

વધુ માટે કલીક કરો >>>>>>

## "નિર્મળ ગુજરાત , નિર્મળ સુરત" કાર્યક્રમ અંતર્ગત વિવિધ ઝોન ની કામગીરી

"નિર્મળ ગુજરાત , નિર્મળ સુરત" કાર્યક્રમ અંતર્ગત તા.૧૩/૦૬/૦૭ ના રોજ સાઉથ ઝોન(ઉધના)માં ઝોનના વડા ડેપ્યુટી મ્યુન્સિપલ કમિશ્નરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રી સાઉથ ઝોનના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૨૫/બી મીરાનગર વોર્ડ ઓફિસ વિસ્તારમાં જીવન ગંગા નગર પૂર્વ , જીવન ગંગા નગર પશ્ચિમ જીવન જયોત નગર વિસ્તારમાં સાફ સફાઈની કામગીરી કરાવી અન્ય કચરા મિશ્રિત માટીના ઢગલા ઉપડાવવામાં આવેલ. સદર કામગીરીમાં ૩ મુ.આ.નિ., ૨ આ.નિ.,૬ મ.આ.નિ.,૧ મુકાદમ, ૬૨ સફાઈ કામદારો દ્વારા સફાઈ કામગીરી .....

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ)ની દબાણ હટાવ કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૩/૦૬/૦૭ ના રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા દ્વારા કરવામાં આવેલ ટી.પી.રસ્તોખોલવાની કામગીરીની વિગત નીચે મુજબ છે.

મોજેઃ–કતારગામમાં સમાવિષ્ટ રે.સ.નં.–૩૦૪ પૈકી, કતારગામ–અમરોલી રોડ પર કાસાં નગર તળાવ પાસે ૧૫૦' પહોળા ટી.પી.રસ્તા પર છેલ્લા ઘણા વર્ષોથી દુકાનદારો દ્વારા ધંધો કરવામાં આવતો હતો.

વધુ માટે કલીક કરો >>>>>>



## ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી અને સેન્ટ્રલ ઝોન દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ તમામ ૬ (છ) ઈલેકશન વોર્ડ વાઈઝ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેર્ડનેશ પ્લાનની કાર્યશાળા



રાજય સરકારશ્રીની સુચના અને સુરત મહાનગર સેવા સદનના કમિશનરશ્રીના આદેશાનુસાર ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી અને સેન્ટ્રલ ઝોન દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ તમામ ૬ (છ) ઈલેકશન વોર્ડ વાઈઝ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેર્ડનેશ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેર્ડનેશ પ્લાનમાં આવરી લેવાયેલ તમામ વિગતો તથા આગામી ચોમાસાની સીઝનને તથા ગત વર્ષના ફલડના અનુભવો ધ્યાને લેતા આ ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તથા પ્રિમોન્સુનની કામગીરી અન્વયે

વધુ માટે કલીક કરો >>>>>>

## રીપેર્સ અને રીહેબીલીટેશન કામગીરી બાદ જવાહરલાલ નહેરૂ પુલ ખુલ્લો મુકવામાં આવ્યો



સુરત શહેરના તાપી નદી પર ચોક બજાર થી અડાજણ વિસ્તારને જોડતો જવાહરલાલ નહેરૂ બ્રીજ અને ૧૯૬૬માં બાંધવામાં આવેલ જે બ્રીજની લંબાઈ ૬૧૦.૦૦ મીટર (બંને તરફના એપ્રોચ સહિત) પહોળાઈ ૮.૩૦ મીટર (બે લેન) અને ૧.૫૦ મીટર ફુટપાથ (બંને બાજુ) સહિત કોન્ક્રીટ કેસન ફાઉન્ડેશન, સી.સી. અને કેસડ પીયર (૧૨ નંગ), સુપર સ્ટ્રકચર આર.સી.સી. પ્રિસ્ટ્રેડ આઈ (ય) ગર્ડર, ડેક સ્લેબ અને આર.સી.સી. પેરાપેટ અને ફુટપાથ ડકટની જોગવાઈ સહ વિવિધ અગત્યની રીપેર્સ અને રીહેબીલીટેશન કામગીરી સાડા ૭ માસમાં અંદાજીત રૂા.૨.૭૫ કરોડના ખર્ચે પૂર્ણ કરી તા.૧૧/૦૬/૦૭ ના રોજ મા.મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીના વરદ્ હસ્તે ફરીથી જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમ પ્રસંગે સ્થા.સમિતિના ચેરમેનશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, અન્ય પદાધિકારીશ્રીઓ/સદસ્યશ્રીઓ તથા મ્યુનિ.અધિકારીશ્રીઓ, મહાનુભાવો તેમજ જાહેર જનતા હાજર રહયા હતા.



TOP

# સુરત મહાનગર સેવાસદનનાં સા.વે.ઝોન(અઠવા) ખાતે નાં વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા મચ્છર જન્ય પરિસ્થિતિનાં રોકથામ માટે "નિર્મળગુજરાત–નિર્મળ સુરત "કાર્યક્રમ હેઠળ "મેલેરિયા–ડેંગ્યુ–ચિકનગુનિયા" માસ અભિયાન અંતર્ગત રાખવામાં આવેલ રેલી

સુરત મહાનગર સેવાસદનના સા.વે.ઝોન(અઠવા) હેઠળના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા પ્રિ–મોન્સુન કામગીરીના ભાગરૂપે ખાતાકીય કામગીરી કરાવવામાં આવે છે. સદર કામગીરી ગીયર અપ થાય અને જનજાગૃતિ કેળવાય તે હેતુ ને ધ્યાને લઈને મા.ડે.મેયરશ્રી સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈના નેજા હેઠળ સા.વે. ઝોન(અઠવા)ના ડે.કમિશનર (સ્પે) શ્રીપ્રદિપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ ઝોનલ અધિકારીશ્રી કે.એસ. દેસાઈની સુચના મુજબ આજરોજ તા.૧૨/૦૬/૦૭ ના રોજ એક રેલીનું આયોજન હાથ ધરવામાં આવેલ. સદર રેલી સવારે ૯ : ૦૦ કલાકે અલથાણ અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી પ્રસ્થાન કરી મોના ડાંઈગ થઈ આઝાદ નગર રોડ સ્થિત વિશ્વકર્મા મંદિર ખાતે પૂર્ણ કરવામાં આવેલ.

રેલીના સમાપન પ્રસંગે ડેપ્યુટી મેયરશ્રી, નેતાશ્રી શાસક પક્ષ અને ડે.કમિશનરશ્રી (સ્પે.) ધ્વારા મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા લોક સહકાર અને લોકો ધ્વારા લેવા જોગ કાળજી અંગે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવેલ. સમગ્ર રેલી દરમ્યાન અંદાજીત ૫૦૦ જેટલા પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવેલ.

સમગ્ર રેલીને સફળ બનાવવા અઠવાઝોન હેઠળના તમામ મ્યુ.સદસ્યશ્રીઓ, આસી.આરોગ્ય અધિકારી શ્રી ડો. આશિષ નાયક, આસી.જંતુનાશક અધિકારીશ્રી માંડલેકર, ન.પ્રા.શાળા ક્રમાંક ૧૩–૧૪ના વિધાર્થીઓ સહિત વી.બી.ડી.સી.વિભાગના તમામ કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

TOP

## "નિર્મળ ગુજરાત , નિર્મળ સુરત" કાર્યક્રમ અંતર્ગત વિવિધ ઝોનની કામગીરી

### સાઉથ ઝોન(ઉધના)

"નિર્મળ ગુજરાત , નિર્મળ સુરત" કાર્યક્રમ અંતર્ગત તા.૧૩/૦૬/૦૭ ના રોજ સાઉથ ઝોન(ઉધના)માં ઝોનના વડા ડેપ્યુટી મ્યુન્સિપલ કમિશ્નરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રી સાઉથ ઝોનના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૨૫/બી મીરાનગર વોર્ડ ઓફિસ વિસ્તારમાં જીવન ગંગા નગર પૂર્વ , જીવન ગંગા નગર પશ્ચિમ જીવન જયોત નગર વિસ્તારમાં સાફ સફાઈની કામગીરી કરાવી અન્ય કચરા મિશ્રિત માટીના ઢગલા ઉપડાવવામાં આવેલ. સદર કામગીરીમાં ૩ મુ.આ.નિ., ૨ આ.નિ.,૬ મ.આ.નિ.,૧ મુકાદમ, ૬૨ સફાઈ કામદારો દ્વારા સફાઈ કામગીરી કરાવી જંતુનાશક દવાનો કુલ ૬૦૦ કિ.ગ્રા ચૂનાની ફાંક, ૧૦૦ કિ.ગ્રા મેલેથીઓન, ડી.ડી.વી.પી. ૧ લીટર, બેગોનબેઈટ ૧ કિ.ગ્રા નો છંટકાવ કરવામાં આવેલ છે. ૧૦ ઈસમોને ગંદકી કરવા બદલ નોટીસ આપવામાં આવેલ. તથા રૂા.૫૦૦/– દંડની વસુલાત કરવામાં આવેલ.

ઉપરોકત કામગીરીમાં સદર વિસ્તારના સામાજિક કાર્યકરોનો સાથ સહકાર લઈ કામગીરી કરાવવામાં આવેલ છે.

### નોર્થ ઝોન(કતારગામ)

નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત– વર્ષ–૨૦૦૭ નિમિત્તે નોર્થ ઝોન (કતારગામ)માં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા જનજાગૃતિ અભિયાન અધિકારીઓ તથા લોકભાગીદારી કરી યોજાયો. આજ રોજ તા. ૧૩/૦૬/૦૭ ના રોજ ઝોનના વડા ડે. કમિશ્નરશ્રી(પ.અનેઈ.), ઝોનલ ઓફિસરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, ડે. ઈજનેરોશ્રી તથા અન્ય અધિકારી/ કર્મચારીઓ તથા કામદારો સાથે રહીને નાની બહુચરાજી વોર્ડ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન સફળતાપુર્વક પાર પાડેલ. જે અંતર્ગત કુલ–૦૮ ટીમો દ્વારા (૧) નાની બહુચરાજી મંદિરથી રહેમતનગર ત્રણ રસ્તાથી ફુલવાડી શ્રી સોમાભાઈ ડેન્સા વિડિયો થીયેટર સુધી. (૨) વેડરોડ ફટાકડા વાડી પંડોળથી રાજીવનગર – આનંદનગર થઈ સાબરીનગર સુધી. (૩) ફુલવાડી શ્રી સોમાભાઈ ડેન્સા વિડીયો થીયેટર થી ફુલવાડી પાછળનો રોડ તેમજ ફુલવાડી ઝુંપડપટ્ટી તથા પતરાવાલાની ગલી. (૪) ફુલવાડી પે એન્ડ યુઝ કન્ટેનર થી પાલીયા દરવાજા સુધીનો રોડ. (૫) નાસીર નગર ઝુંપડપટ્ટી તથા ખુલ્લો પ્લોટ પાલીયા દરવાજા સુધી. (૬) પંડોળ ઈન્ડ. એસ્ટેટ ગેટ નં.–૧–૨ પટેલ અત્તર પાસેથી શરૂ કરી એક લાઈન ગેટ સુધીનું ટી.પી.રોડ તેમજ અંદરના રસ્તા. (૭) પંડોળ ઈન્ડ. એસ્ટેટ ગેટ નં.–૨, ખોડિયાર પાન કોર્નર થી અટલજી નગર ત્રણ રસ્તા સુધીનો ટી.પી.રોડ તેમજ પંડોળ ઈન્ડ. વિભાગ–૨ ના ટી.પી.રોડ સુધી વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન સફળતા પૂર્વક પાર પાડેલ. જે અંતર્ગત કુલ–૦૮ ટીમો દ્વારા ઉપરોકત વિસ્તારોમાં ઘનિષ્ઠ સ્ક્રેપીંગ/બ્રશીંગ સહીત સફાઈ કામગીરી કરવામાં આવેલ સાથે આરોગ્ય વિષયક લોક જાગૃતિ અર્થે પ્રચાર/પ્રસાર કરવામાં આવેલ તેમજ ફાઈલેરીયા–મેલેરીયા વિભાગ દ્વારા મેલેરીયા અંગેની જાણકારી તેમજ લાઈવ ડેમોસ્ટ્રેશન દ્વારા લોકોને માહિતગાર કરવામાં આવેલ.

આ સફાઈ ઝુંબેશ દરમ્યાન ન્યુસન્સ કરતા ૯૨ ઈસમોને નોટીસ આપેલ. તથા વહીવટી ચાર્જ રૂા.૫૮૦૦/– વસૂલ લેવામાં આવેલ છે. ખાણીપીણી લારીઓ/હોટલ કુલ – ૬૩ ચેક કરવામાં આવેલ છે. પ્રતિબંધિત પ્લાસ્ટકીની થેલીઓ/માવાના કાગળો – ૦૧.૯૦૦ કી.ગ્રા. જપ્ત કરવામાં આવેલ છે. જંતુનાશક દવા ચુનો – ૧૦૦ કી.ગ્રા. મેલેથીઓન – ૫૦ કી.ગ્રા. નો છંટકાવ કરવામાં આવેલ છે.

આ ઝુંબેશમાં શ્રમદાન કરેલ જે જોઈને સ્થાનિક નાગરીકો પણ સ્વયં અભિયાનમાં જોડાઈને પોતાના વિસ્તાર સ્વચ્છ૭ કરવામાં સહકાર આપવામાં આવેલ.

### સેન્ટ્રલ ઝોન

નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭ અંતર્ગત સુરત મહાનગર સેવાસદનના સેન્ટ્રલ ઝોન વિસ્તારના આરોગ્ય અને એન્જિનિયરીંગ વિભાગ સંકલનમાં રહીને તા.૧૦/૦૬/૨૦૦૭ને બુધવારના રોજ વોર્ડ નં.૧૦ ચોકબજાર ચારાગલી વિસ્તારમાં સફાઈ અભિયાન રાખવામાં આવેલ. સદર અભિયાનમાં (૧)હાથીવાલા દેરાસરની શેરી, ગોધા માણીયાની પોળ, મરાઠીની ચાલ, બહેરાં–મુંગાની સ્કૂલની શેરીવાળો વિસ્તાર, (૨)કનૈયાલાલ દેસાઈ રોડ, માકુ મુનસફની શેરી, આમલીરાન, નંદશંકરનો મહોલ્લો, લલ્લુજીનો ખાંચો, રતનશંકર માસ્તરની શેરી, જાંબુડાનો ટેકરો, (૩) ચંદુલાલ માસ્તરની શેરી, વાઘેશ્વરી માતાની શેરી, શેતાન ફળિયું, દિવાનજીનો ખાંચો વિગેરે વિસ્તારમાં આંતરિક ગલીઓમાં આરોગ્ય અને ઈજનેરી વિભાગના બેલદારો દ્વારા સ્ક્રેપિંગ/બ્રશીંગની કામગીરી તેમજ લોકજાગૃતિ અભિયાન કરાવવામાં આવેલ.

સમગ્ર કામગીરી દરમ્યાન મ્યુ.સભ્ય શ્રી વર્ષાબેન રાણા તેમજ શ્રી નિતીનભાઈ ભજીયાવાળા તથા આસી.આરોગ્ય અધિકારી શ્રી પી.એચ.ઉમરીગર હાજર રહયા હતા.

સદર અભિયાન દરમ્યાન ન્યુસન્સ કરતાં ૩૬ ઈસમોને નોટીસ આપવામાં આવી. ૧૮ ઈસમો પાસેથી રૂા.૯૦૦/– વહીવટી ખર્ચ પેટે વસુલ લેવામાં આવેલ છે. વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ૪૭૦ ઘરોમાં સર્વે કરવામાં આવેલ. ૯૫ વ્યકિતઓની સ્લાઈડ લેવામાં આવી. આશરે ૫૮૦ મેલેરીયા વિષયક પેમ્ફલેટ્સનું વિતરણ કરવામાં આવ્યું. ૧૦ ગટર જાળીયા તેમજ ૨(બે) ગટરની સફાઈ કામગીરી કરવવામાં આવી.

TOP

# નોર્થ ઝોન (કતારગામ)ની દબાણ હટાવ કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૩/૦૬/૦૭ ના રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા દ્વારા કરવામાં આવેલ ટી.પી.રસ્તોખોલવાની કામગીરીની વિગત નીચે મુજબ છે.

મોજેઃ–કતારગામમાં સમાવિષ્ટ રે.સ.નં.–૩૦૪ પૈકી, કતારગામ–અમરોલી રોડ પર કાસાં નગર તળાવ પાસે ૧૫૦' પહોળા ટી.પી.રસ્તા પર છેલ્લા ઘણા વર્ષોથી દુકાનદારો દ્વારા ધંધો કરવામાં




આવતો હતો. મહાનગર સેવા સદન દ્વારા આ અસર ગ્રસ્તોને ડ્રો દ્વારા દુકાન ફાળવી આપ્યાને ૧૦ (દસ) દિવસનો સમય પસાર થયા બાદ પણ રસ્તા વચ્ચેની નડતરરૂપ ત્રણ દુકાનોનો કબ્જો છોડી મિલ્કતદાર દ્વારા રસ્તો ખુલ્લો ન કરાતા નોર્થ ઝોન (કતારગામ) દ્વારા તેઓનો સામાન ખસેડી દુકાન ખાલી કરાવી અંદાજે ૩૦૦ ચો.ફૂટ ટી.પી.રોડ પૈકીની જગ્યા ખુલ્લી કરવવાથી રસ્તો બનાવવાની કામગીરીમાં ઉભો થયેલ અવરોધ દુર થયેલ.

TOP

# ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી અને સેન્ટ્રલ ઝોન દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ તમામ ૬ (છ) ઈલેકશન વોર્ડ વાઈઝ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેર્ડનેશ પ્લાનની કાર્યશાળા

રાજય સરકારશ્રીની સુચના અને સુરત મહાનગર સેવા સદનના કમિશનરશ્રીના આદેશાનુસાર ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી અને સેન્ટ્રલ ઝોન દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ તમામ ૬ (છ) ઈલેકશન વોર્ડ વાઈઝ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેર્ડનેશ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેર્ડનેશ પ્લાનમાં આવરી લેવાયેલ તમામ વિગતો તથા આગામી ચોમાસાની સીઝનને તથા ગત વર્ષના ફલડના અનુભવો ધ્યાને લેતા આ ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તથા પ્રિમોન્સુનની કામગીરી અન્વયે અગાઉ તબકકાવાર સ્વૈચ્છિક સંસ્થાઓ, તરવૈયાઓ સાથે મીટીંગ અને ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ તેમજ અન્ય સર્વીસ કંપનીઓ તથા શહેર પોલીસ વિભાગ અને સેન્ટ્રલ ઝોનના અધિકારીઓના સુચના મેળવવા અંગેની સંયુકત મીટીંગ તથા યુ.સી.ડી.વિભાગની કાર્યકર્તા બહેનો તથા આઈ.સી.ડી.એસ.ની સંચાલિકાઓને જરૂરી સમજ/માહિતી જણાવતું એક વર્કશોપ રાખવામાં આવેલ. ત્યાર બાદ આજરોજ સેન્ટ્રલ ઝોનના તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ તથા કર્મચારીઓ સાથે ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપર્ડનેશ પ્લાન અન્વયે સંભવિત ફલડ વખતે સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરીને પહોંચી વળવા કરવામાં આવેલ આયોજન, વ્યવસ્થા અને કામગીરીની વહેંચણી અને તે અંગેની સમજ કેળવવા રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ ખાતે પ્રેઝન્ટેશન અને મીટીંગનું આયોજન કરવામાં આવેલ. સદર મીટીંગમાં પ્રારંભિક આસી. આરોગ્ય અધિકારીશ્રીઓ આરોગ્ય વિષયક એકશન પ્લાન અંગેની વિસ્તૃત સમજ તથા ડે.ઈજનેર શ્રી પી.એમ.જાષી દ્વારા ગત વર્ષના ફલડના અનુભવો અને ઈજનેરી કામગીરીની વિગત રજુ કરેલ. ત્યાર બાદ કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એમ.જરીવાલા દ્વારા સેન્ટ્રલ ઝોન દ્વારા તૈયાર કરવામાં આવેલ. ઈલેકશન વોર્ડ વાઈઝ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેર્ડનેશનું એક સંયુકત પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવેલ.




ઉકત પ્રેઝન્ટેશનમાં સને ૧૯૯૮ અને સને ૨૦૦૬ ના ફલડ મુજબ નીચાણવાળા વિસ્તારો દર્શાવતો મેપ, નીચાણવાળા વિસ્તારોની યાદી તથા સદર વિસ્તારના લોકોને સલામત સ્થળે ખસેડવાના આશ્રય સ્થાનો, ફલડ ગેટ ઓપરેટીંગ/સંચાલન કરતી એજન્સી અને અધિકારીશ્રીની વિગત, સ્વૈચ્છિક સંસ્થાઓની વિગત, નીચાણવાળા વિસ્તારોમાં બોટ મુકવાના સ્થળોની વિગત, તરવૈયાઓની વિગત, ઝોન વિસ્તારમાં આવેલ વાડીઓની યાદી, બહારથી વાહનો પુરા પાડતી વિવિધ એજન્સીઓના અને લેબર સપ્લાયર્સના, જનરેટર ભાડે આપતી સંસ્થાના નામ/સરનામા/સંપર્ક નંબરની વિગતો, સમગ્ર સેન્ટ્રલ ઝોનની વરસાદી ગટરનો નેટવર્ક દર્શાવતો નકશો, ફલડના સમયે વાહનો સેન્ટ્રલ ઝોનના ઉચાણવાળા સલામત સ્થળોએ મુકવા અંગેની વિગતો વિગેરે દર્શાવવામાં આવેલ તેમજ તે અંગે હાજર રહેલા તમામ કર્મચારીઓને સમજ આપવામાં આવેલ.

ત્યાર બાદ સેન્ટ્રલ ઝોનના વડા આસી.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ દ્વારા સેન્ટ્રલ ઝોનના તમામ કર્મચારી ગણને એક ટીમ વર્ક તરીકે સેન્ટ્રલ ઝોન માટે અને જરૂર પડે અન્ય ઝોન માટે ખાડી પુર સમયે બચાવ અને રાહત કામગીરીમાં જોડાવા આહવાહન કરેલ.

મીટીંગના અંતમાં પી.ઓ.શ્રીરોહિતભાઈ ચૌધરી દ્વારા સેન્ટ્રલ ઝોન કલેરીકલ સ્ટાફ, ટેકનીકલ સ્ટાફ અને આરોગ્ય સ્ટાફના તમામ કર્મચારીને બચાવ અને રાહત કામગીરીમાં નિષ્ઠા અને ખંતથી કામગીરીમાં જોડાવાનું આહવાહન તથા આભાર વિધી કરી મીટીંગ પૂર્ણ કરવામાં આવેલ.

TOP